# તલોદમાં ખુલ્લા વીજળીના વાયરથી બિલાડી અને પાંચ પંખીઓના મોત

તલોદ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગરની મધ્યમાં આવેલી વિજપુરવઠો વહન કરતી એક ડીપીના ખુલ્લા વાયર ભારે જોખમી ભાસી રહ્યાં છે. આ ખુલ્લા તારને અડી જવાથી એક બિલાડી અને પાંચેક પક્ષીઓના પળવારમાં જ કરૂણ મોત થયા હતા. તેમ છતાં વીજતંત્રની આંખ હજુ જાણે કે ઉઘડતી નથી. આ ડીપીના બે ખુલ્લા તારને એકબીજાનો સંપર્ક થતાં ધકેલાઈ જાય છે. આવી ઘટનાનો એક એક બિલાડી અને પાંચેક પક્ષીઓ બન્યા છે.

અહીં તાજેતરમાં આવી એક જીવલેણ ઘટના બની હતી. જેમાં ડીપીના બે ફેઈઝ તાર ટચ થઈ જતા કાબર ભડથુ થઈ જઈને ભોંય પર પટકાઈ પડી હતી અને નજીકના આવાસના પંખા, લાઈટ અને મોબાઈલ ચાર્જર સહીતના ઉપકરણો બળીને ખાખ થઈ ગયા હતા.



જ નજીકના એક રહેઠાણના વિજ ઉપકરણો ધડાકા સાથે સળગી ગયા હતા. અહીં જો તંત્ર યોગ્ય નહીં કરે તો માનવ જાનહાની થવાની પણ પુરી સંભાવનાઓ સેવાઈ રહી છે.

તલોદ બજારની મધ્યમાં તલોદ સ્ટેશન વેપારી મહાજન હિન્દુ ધર્મશાળા આગળ નગરપાલિકાના સત્તાધીશોએ ભૂગર્ભ ડ્રેનેજ લાઈનનું એક તોતીંગ પમ્પીંગ સ્ટેશન ઠોકી બેસાડ્યુ છે. આ પમ્પીંગ સ્ટેશનની હેવી ડ્યુટી મોટરો ચલાવવા, તેને વિજ પુરવઠો પુરો પાડવા ઉ.ગુ. વિજ કંપનીની તલોદ કચેરીએ ભરચક લત્તામાં એક મોટો થાંભલો ઉભો કરી તેમાં વિજ પુરવઠો પુરો પાડતી ડીપીનું જોડાણ કરેલ છે. આ ડીપીમાંથી ભારે વિજપુરવઠો વહન થાય છે. છતાં તેના સંખ્યાબંધ વિજતાર કેબલ કે ટેપીંગ વિનાના જ ખુલ્લા રાખેલા છે. પરિણામે અવારનવાર ઉઠતા જતા આવતા નાના પંખીઓ આ બંને તારને એક સાથે અડકી જતા ભારે વિજકરણને કારણે ભડથુ થઈ જઈ, મોતની ખાઈમાં

બજારમાં દુકાનો અને રહેઠાણથી ગણતરીના ફૂટના અંતરે જ ડીપી ઠોકી બેસાડીને તલોદ વીજતંત્રની કચેરીના અધિકારીએ નિરાંતનો દમ લીધો છે. તો બીજી તરફ આ ડીપી બજારમાં ક્યારેક ખોફનાક અને જીવલેણ ઘટનાનુ નિર્માણ કરશે જ તેવી દહેશત વ્યાપક બની છે. આ અંગે વીજતંત્રના જવાબદાર અધિકારીનું ધ્યાન દોરવામાં આવેલ હતુ. પરંતુ તેઓ તરફથી કોઈ યોગ્ય ફરજ નહી બજાવી માનવતા નહીં દાખવતા આ ડીપી એ અડધો ડઝન જેટલા નાદાન જીવનો ભોગ લીધો છે. વીજતંત્ર તાકિદે આ ડીપીનું સ્થળાંતર કરવાની અને ખુલ્લા વાયર ઉપર આઉટન લગાવવાની કામગીરી નહી બજાવે તો, મોટી હોનારત થશે જે નિર્વિવાદ બાબત છે. આ ડીપીના ખુલ્લા તારના લુઝ છેડામાં સતત થતુ સ્પાર્કીંગ પણ જોખમી જણાય છે. છતાં તંત્રના પેટનું પાણી હાલતુ નથી. જો તંત્ર યોગ્ય નહીં કરે તો આ અંગે જાગૃત જનો અદાલતના દ્વાર ખટખટાવી ન્યાય મેળવી, જીવદયાને પ્રાધાન્ય આપશે.

# અરવલ્લી જિલ્લામાં દેહને દઝાડતી ૪૩ ડીગ્રી ગરમી

## કાળઝાળ ગરમીને પગલે બપોરના ચાર કલાક દરમિયાન નાગરિકોએ તડકામાં બહાર નીકળવાનું ટાળ્યુ





મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લામાં આજે તાપમાન છેક ૪૩ ડીગ્રીએ પહોંચી જતા અને આકાશમાંથી અગનગોળા વરસતા દેહને દઝાડતી ગરમીમાં લોકો શેકાયા હતા.

છેલ્લા ત્રણ દિવસથી મોસમમાં પલટો આવતા અને ગરમીનો પારો દિન-પ્રતિદિને એકથી બે ડીગ્રી વધતો જઈને આજે છેક ૪૩ ડીગ્રીએ પહોંચતા સૌ જીવો અસહ્ય ગરમી અને બફારાથી ત્રાહિમામ પોકારી ગયા હતા. જેમાં સવારે ૧૦ વાગ્યાથી સાંજે સાત વાગ્યા સુધી ઉપર આભમાંથી વરસતી અગન જ્વાળાઓ અને નીચે ભઠ્ઠીની જેમ તપતી ધરતી પર ગરમીમાં લોકો શેકાયા હતા.

તો બીજી તરફ આ કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે ન છૂટકે ઘર કે ઓફિસની બહાર કામથી નીકળેલા લોકોએ ઠંડાપીણા, શેરડીનો રસ, કેરીનો જ્યુસ વગેરેનો સહારો લઈ ગરમીથી બચવા પ્રયાસો કર્યા હતા.

પરંતુ, જિલ્લામાં એવા પણ ઘણાય લોકો નજરે પડી રહ્યા કે જેમના માથે છત નથી અને ખુલ્લા આકાશતળે જાહેર માર્ગો ઉપર કાચા-પાકા ઝુંપડાઓમાં વસવાટ કરે છે તેવા લોકોની હાલત આ કાળઝાળ ગરમીમાં અતિ દયનીય બનેલી જોવા મળી રહી હતી.

# ધાનેરા તાલુકાની ૩૩ ગ્રામપંચાયતની ચૂંટણીના પરિણામ જાહેર

ધાનેરા તાલુકા ની ૩૩ ગ્રામપંચાયત ની ચૂંટણી નું પરિણામ જાહેર થતા કહી ખુશી તો કહી ગમનો માહોલ જોવા મળ્યો હતો.



ધાનેરા તાલુકા ના ૩૬ ગ્રામપંચાયત ની ચૂંટણી યોજાનારી હતી જેમાં ૩ ગ્રામપંચાયત સમરસ બનતા તારીખ ૮ એપ્રિલ ના રોજ ૩૩ ગ્રામપંચાયત ની ચૂંટણી યોજાઈ હતી જેની મતગણતરી આજે વહેલી સવાર થીજ હાથ ધવામાં આવી હતી અને ચૂંટણી પરિણામો આવતાની સાથેજ કહી ખુશી તો કહી ગમ નો માહોલ જોવા મળ્યો હતો અને ઉમેદવારો ની સાથે સાથે લોકોમાં પણ પરિણામ જાણવાનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો ધાનેરા મિશ્રશાળા ન,૧ માં મતગણતરી હાથ ધરતા સ્કૂલ ની આજુ બાજુ લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા હતા ત્યારે કોઈ અણબનાવ ન બને તે માટે ધાનેરા પોલીસ ધ્વરા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો તો બીજી તરફ વિજેતા બનેલા ઉમેદવારો ને લોકો ધ્વરા ફુલહાર પહેરાવી વિજય યાત્રા નીકાળી પોતાના ગામ લઈ ગયા હતા

| ક્રમ | ગામ | વિજેતા ઉમેદવાર નું નામ |
|---|---|---|
| ૧ | કુંડી | મહિયાતર વિહાજી કેશાજી |
| ૨ | કોટડા(ધાખા) | ભીલ માશરાભાઈ છગનભાઈ |
| ૩ | ખાપરોલ | પટેલ સોનીબેન ઉમાભાઈ |
| ૪ | છીડીવાડી | પટેલ વરજુબેન આંબાભાઈ-સમરસ |
| ૫ | જનાલી | ભીલ જાંબુબેન ખેંગારભાઈ |
| ૬ | માંડલ | ભીલ હીરાભાઈ હરજીભાઈ |
| ૭ | યાવરપુરા | પરમાર બાજુભાઈ ધુડાભાઈ-સમરસ |
| ૮ | રવિયા | આલ લાખાભાઈ હમીરાભાઈ-સમરસ |
| ૯ | વાંસડા | તુરીકમલાબેન કાળુભાઈ |
| ૧૦ | નેનવા | દેવડા કમળાબેન ગેનસિંહ |
| ૧૧ | શિયા | રાજપૂત મંજુબેન ચંદનસિંહ |
| ૧૨ | એડાલ | કાપડી દિનેશભાઈ લખમાજી |
| ૧૩ | શેરા | રોજ ગોકળભાઈ સેંધાભાઈ |
| ૧૪ | સિલાસણાં | પટેલ ભગીબેન ભુરાભાઈ |
| ૧૫ | દેઢા | અટયા ગમનભાઈ રાવતાભાઈ |
| ૧૬ | એટા | પટેલ ખેમીબેન હમીરાભાઈ |
| ૧૭ | રૂણી | ડાભી વડાલીબેન મશરૂભાઈ |
| ૧૮ | મેવાડા | પુરોહિત સવિતાબેન આંબાભાઈ |
| ૧૯ | રામપુરા મોટા | ઠાકોર અમરબેન સવાભાઈ |
| ૨૦ | સરાલ | ઘટાડ હરિયાબેન સોમાજી |
| ૨૧ | નાનુડા | પરમાર સીવીબેન વેરસીભાઈ |
| ૨૨ | વાસણ | કાછેલા જ્યોતિબેન મનજીભાઈ |
| ૨૩ | અનાપુરગઢ | રબારી દેવાભાઈ વિભાભાઈ |
| ૨૪ | ચારડા | રંગ્યા શાકરબેન ગોકુલભાઈ |
| ૨૫ | મોટી ડુગડોલ | પટેલ જોઈતાભાઈ ભાણાભાઈ |
| ૨૬ | સબાવડી | પટેલ કરશનભાઈ રગનાથભાઈ |
| ૨૭ | આશીયા | રબારી જેબરબેન જોરાભાઈ |
| ૨૮ | વોડા | બારોટ ગણપતભાઈ સોનાભાઈ |
| ૨૯ | નેગાળા | ઠાકોર ચોથાભાઈ રાવતાભાઈ |
| ૩૦ | નાનામેડા | બોકા પનાભાઈ હેમાભાઈ |
| ૩૧ | રામપુરા (વા) | પુરોહિત ગીરીશભાઈ ભુરાભાઈ |
| ૩૨ | નાની ડુગડોલ | રાજપૂત જવાનાજી |
| ૩૩ | વીંછીવાડી | દેવડા સુવાબાઈ ખેમજીભાઈ |
| ૩૪ | જોરાપુરા(ધાખા) | ગલચર રેવાભાઈ મેહાભાઈ |
| ૩૫ | અનાપુર છોટા | વેરાણા જોરાભાઈ શાંતિભાઈ |



મોડાસા નજીક લીંભોઈમાં વાડીનાથ હનુમાનજી, પંચદેવ અને શનિદેવ મંદિરે હનુમાન જયંતી અવસરે પૂજા, અર્ચના અને વંદના સાથે ભક્તોના મોટા સમુદાયે અહી ચિરાગભાઈ મહારાજના સાનિધ્યે લ્હાવો લીધો હતો.

# શામળાજી નજીક અણસોલની સીમમાંથી ૩૩ હજારનો વિદેશી દારૂ પકડાયો

અરવલ્લી જિલ્લામાં શામળાજી નજીક અણસોલ ગામ પાસેથી પસાર થઈ રહેલી એક કારને રોકી તેમાંથી તલાશી લેતા આ કારમાં ભરેલો રૂ. ૩૩ હજારનો વિદેશી દારૂ ઝડપાયો હતો. જ્યારે આરોપી કારચાલક પોલીસની નાકાબંધી જોઈ કાર મુકી નાસી છૂટતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શામળાજી પોલીસ મથકના આ. પો.કો. મગનભાઈ જવાભાઈએ નોંધાવેલ ફરિયાદ મુજબ પોલીસે નાકાબંધી કરી હતી. દરમિયાન અણસોલ ગામની સીમમાંથી પસાર થઈ રહેલી એક કારને રોકી તેમાંથી તલાશી હાથ ધરતાં આ કારમાં પરપ્રાંતનો વિદેશી દારૂનો જથ્થો તથા બીયરની બોટલો મળી આવી હતી. ઝડપાયેલા આ વિદેશી દારૂના જથ્થામાં ૨૩૮ કાચની બોટલો રૂ. ૩૩ હજારનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિદેશી શરાબના જથ્થા અને ઈન્ડીકા કાર મળી રૂ. ૨.૩૩ લાખના મુદ્દામાલ કબજે લઈ ફરાર આરોપીને ઝડપી લેવા વધુ તપાસ પોસઈ આર.ડી. સગરે હાથ ધરી છે.

# તલોદની આઠ ગ્રામ પંચાયતોના પરિણામ : 'કહી ખુશી કહી ગમ'

તલોદ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાની ૮ ગ્રામ પંચાયતના સરપંચ-વોર્ડ મેમ્બરની ચૂંટણીના પરિણામ જાહેર થતાં 'કહીં ખુશી કહી ગમ'નો માહોલ ઉદ્‌ભવ્યો હતો. વિજેતા ઉમેદવારોની છાવણીમાં ગુલાલની છોળોથી છવાઈ ગઈ હતી. જ્યાં આતશબાજી અને કિલ્લોલ કરી વિજેતા ઉમેદવારોના સરમર્થકોએ વિજયનો જશ્ન મનાવ્યો હતો. ૮ ગ્રામ પંચાયતની યોજાયેલ ચૂંટણીમાં ઉમેદની મુવાડી ગ્રા.પં.ની મહિલા સીટ હોઈ ત્યાં કપિલાબહેન ભાઈલાલભાઈ પટેલ (પ્રથમ) સરપંચ પદે વિજેતા ઘોષિત થયા હતા.

તલોદ તાલુકાની ૮ ગ્રા.પં.ની ચૂંટણીનો ગંજીફો ગત તા. ૮-૪-૧૭ના રોજ ચિપાયો હતો. ત્યારથી આજે સવારે પરિણામો ઘોષિત થયા ત્યાં સુધીના સમયગાળામાં તાલુકાના સંખ્યાબંધ ગામોમાં હારજીતના અવનવા સમીકરણો મંડાયા હતા. જેનો આજે શાંતિપૂર્વક અંત આવ્યો હતો. મતગણતરીના સ્થળ એવી મામલતદાર કચેરી ખાતે પ્રાંત અધિકારી અશોક ચૌધરી, મામલતદાર પી.વી. દત્ત, જિલ્લા નાયબ પોલીસ વડા એ.ડી. શ્રી વાસ્તવ તથા તાલુકા વિકાસ અધિકારી કિરીટ ચૌધરી અને તેમનો



સ્ટાફ હાજર રહી એલર્ટ રહ્યો હતો. તલોદ પોલીસે અહીં જડબેસલાક બંદોબસ્ત જાળવી રાખ્યો હતો.

આજે જાહેર થયેલા પરિણામોમાં મહેકાલ પંચાયતના સરપંચ ૩૮ મતની સૌથી ઓછી સરસાઈથી અને આંત્રોલી વાસ પુંજાજીના સરપંચ સૌથી વધુ ૧૭૯ મતની સરસાઈથી તેમના પ્રતિસ્પર્ધીઓને પરાજીત કરી વિજેતા બન્યા હતા. તાલુકાના ગોરા ગ્રા.પં.ના વોર્ડ મેમ્બરની ચૂંટણીમાં ૨ ઉમેદવારોએ એક સરખા ૪૯-૪૯ મત મેળવતા 'ટાઈ' પડી હતી. જેથી આખરે ચિઠ્ઠી નાખી ફેંસલો કરવાની ફરજ પડી હતી. અહીં બળદેવભાઈ દેસાઈ અને વિષ્ણુભાઈ પટેલ વચ્ચે ટાઈ પડતાં આખરે બળદેવભાઈના નામની ચિઠ્ઠી ઉપડતાં અને બંને જણે ઉમદા ભાવના દાખવતા બળદેવભાઈ દેસાઈને વિજયી ઘોષિત કરવામાં આવ્યા હતા.

આજે વિજયી થયેલા સરપંચની યાદીમાં ઉમેદની મુવાડી ગ્રા.પં. - કપિલાબહેન ભાઈલાલભાઈ પટેલ તેમના પ્રતિસ્પર્ધી સામે ૮૦ જેટલા વધુ મતથી વિજયી બન્યા હતા. કપિલાબબેનને ૪૩૧ મત મેળવ્યા હતા.

મહિયલ ગ્રા.પં. - રકિશકુમાર બંસીલાલ મહેતા તેમના પ્રતિસ્પર્ધી કરતા ૬૨ મત વધુ મેળવી વિજેતા બન્યા હતા. તેઓએ ૮૮૨ મત મેળવ્યા હતા.

આંત્રોલી વાસ પુંજાજી - રાજદિપસિંહ હિતેન્દ્રસિંહ ઝાલા તેમના પ્રતિસ્પર્ધી કરતા ૧૭૯ વધુ મત મેળવી વિજયી બન્યા હતા. જેઓએ ૭૪૨ મત મેળવ્યા હતા.

ગોરા ગ્રા.પં. - અંબાલાલ કોદરભાઈ પરમારે તેમના પ્રતિસ્પર્ધી કરતાં ૯૪ મત વધુ મેળવી વિજેતા બન્યા હતા. જેઓએ ૫૨૦ મત મેળવી ફરી એકવાર ગોરા ગ્રા.પં. સરપંચનું પદ જાળવી રાખ્યું છે.

આંજણા ગ્રા.પં. - રાજુભાઈ છબીલદાસ ચૌધરી તેમના પ્રતિસ્પર્ધી કરતાં ૧૫૫ મત વધુ મેળવી વિજયી બન્યા હતા.

જોરાજીના મુવાડા ગ્રા.પં.ના કાળુસિંહ શેતાનસિંહ ઝાલાએ તેમના પ્રતિસ્પર્ધી કરતાં ૮૯ વધુ મત મેળવી વિજયી બન્યા હતા. જેઓએ ૬૭૬ મત મેળવ્યા હતા.

લવારી ગ્રા.પં. - પંકજકુમાર ચીમનભાઈ પટેલ તેમના પ્રતિસ્પર્ધી કરતાં ૬૩ વધુ મત મેળવી વિજયી બન્યા હતા. જેઓએ ૫૬૪ મત મેળવ્યા હતા.

મહેકાલ ગ્રા.પં. - જવાનસિંહ સરદારસિંહ ઝાલાએ તેમના પ્રતિસ્પર્ધી કરતાં ૩૮ મત વધુ મેળવી વિજયી બન્યા હતા. જેઓએ ૨૬૪ મત મેળવ્યા હતા.



## ડીસામાં બાલાજી હનુમાનના મંદિરે યજ્ઞ

ડીસા શહેરના પાટણ હાઈવે પર આવેલા બાલાજી હનુમાનના મંદિરે હનુમાન જન્મ જયંતિ પર્વે ભક્તોની ભારે ભીડ જામી હતી. શ્રદ્ધાળુઓએ બાલાજી હનુમાન દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આયોજકોના જણાવ્યા મુજબ બાલાજી હનુમાનની મૂર્તિ કાંટાળી વાડમાં હતી. જ્યાંથી પાંચ વર્ષ અગાઉ વાહનચાલકો અને વેપારી મિત્રોએ એકઠા થઈ આ જગ્યા સ્વચ્છ કરી ત્યાં મંદિર બનાવી પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. દર વર્ષે હનુમાન જયંતિ પર્વે હવન, મહાઆરતી અને પ્રસાદનું આયોજન કરવામાં આવે છે.

# પાંથાવાડા પોલીસના ત્રણ કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા

પાથાવાડા, તા. ૧૨

રાજસ્થાનના જયપુર ખાતે તપાસ અર્થે પહોચેલા પાથાવાડા પોલીસના ત્રણ પોલીસકર્મી જયપુર એસીબીના હાથે ઝડપાતા બનાસકાંઠા પોલીસની આબરૂ નિલામ થઈ છે.

પાથાવાડા પોલીસે એક માસ અગાઉ દારૂ ભરેલી કાર ઝડપી હતી જે તપાસનો રેલો રાજસ્થાનના જયપુર સુધી લંબાયો હતો. જો કે તપાસ કરી રહેલા એક હેડ કોન્સ્ટેબલ અને બે કોન્સ્ટેબલ આ તપાસમા ૯ તારીખે જયપુર પહોંચ્યા હતા. જો કે આ કાર રાજસ્થાન પાસિંગ હોઈ આરટીઓમા જયપુરના સુનિલકુમારનું નામ ખુલ્યું હતું જે મામલે આ પોલીસકર્મીઓએ સુનિલકુમારનો સંપર્ક કરી અને દારૂના કેસમા ફસાવી દેવાની દમદાટી આપી હતી અને રૂપિયા ૬૦ હજારની માગણી કરી હતી. જોકે આ સોદો ૪૦ હજારમા નક્કી થતા ફરિયાદીએ એસીબીનો સંપર્ક કરી ૨૦ હજારની લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડ્યા હતા. અને જયપુર એસીબીએ આ ત્રણ કર્મીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.